# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/33/ક્વા-03/૨૦૨૨-૨૩/૦૮ તા. ૩૧/૦૧/૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – 33/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: ચંદ્રકાંત મથુરદાસ મદલાણી ગામ – પોરબંદર,

સબડીવીઝન: ઉદ્યોગનગર, પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: શુક્રવાર (૨૩-૧૨-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, પોરબંદર જી.આઈ.ડી.સી. માં અમારું યુનિટ ચંદ્રકાન્ત માથુરદાસ મદલાણી ગ્રાહક નં. ૮૫૯૦૧/01330/૧ ૪૬ કિલોવોટનું એલ.ટી.એમ.ડી. કનેક્શન ધરાવીએ છીએ અમોને પીજીવીસીએલ દ્વારા એકાએક કોઈપણ જાતની જાણ કર્યા વગર અમોને રૂ. ૪૯,૮૭૬/- એરિયર્સ બિલનું કોટેશન આપેલ છે. આ બિલ અમોને એવું કહીને ફટકારવામાં આવેલ છે કે તમો દ્વારા કરારીત વીજભાર થી વધુ વપરાશ કરેલ હોય અમોને આ અંગેનું એસ્ટિમેટ આપી સીધીજ આ રકમ બિલ માં ચઢાવી આપેલ છે. પરંતુ અમારે આવા કોઈ લોડ વધારાની જરૂરિયાત નથી. અમે આવા કોઈ લોડ વધારાની માંગણી કરેલ નથી. અમો ખૂબ નાના ઉધ્યોગકાર હોય,છેલા ઘણા વર્ષથી યુનિટ ચલાવીએ છીએ આવું કોઈ દિવસ બનેલ નથી પરંતુ સંજોગોવસાત ૨-૩ વખત વધુ લોડ લેવાયેલ છે. હવે આ લોડ પાછળ વધુ આવશે નહીં તેમ છતાં પણ અમો ખત્રિ આપીએ છીએ અને અમારો લોડ વધારો નથી તો પણ અમો એમ.ડી. વધારા ના રૂપિયા ભરીએ છીએ,આ અંગે રાજકોટ ફોરમ દ્વારા આવું એક જજમેંટ પણ આપાયેલ હોય, તેની નકલ પણ આ સાથે સામેલ

રાખેલ છે.જે વાંચને લઈ આ અંગે અમોને ન્યાય આપવા આપ સાહેબશ્રી ને અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ ને જણાવવાનું કે, તા. ૨૦.૧૨.૨૦૨૨ ના રોજ પોરબંદર શહેર વિભાગીય કચેરી અને તેમની હેઠળના ઉદ્યોગનગર,પોરબંદર પેટા વિભાગીય કચેરી, દ્વારા અરજદાર શ્રી ને રૂબરૂ રજુઆત સાંભળી અને આ બાબતે ગ્રાહક ની ફરિયાદ નું સુખદ નિરાકરણ થતાં તેમણે સમાધાન પત્રક માં તા. ૨૦.૧૨.૨૨ ના રોજ સહી કરી આપેલ છે.

૨.૧ જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે. અને તા. ૨૦.૧૨.૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ઉદ્યોગનગર, પોરબંદર પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ પોરબંદર શહેર વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૧.૧૨.૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |